RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 49 * Date: 08.12.2024,Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# હરિયાણાથી PM ટીબી મુક્ત દેશ અભિયાન શરૂ:કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડા હસ્તે શરુઆત

કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જગત પ્રકાશ નડ્ડા આજે હરિયાણાના પ્રવાસે છે. આજે પંચકુલામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના રાષ્ટ્રીય 'ટીબી નાબૂદી કાર્યક્રમ (દ્બઈ) હેઠળ ભારતમાં ક્ષય રોગ (ર્મ) ની શોધ અને મૃત્યુદરના પડકારો ઉકેલવાના હેતુથી એક વ્યાપક ૧૦૦ દિવસીય અભિયાનની કેન્દ્રીય મંત્રી નડ્ડાએ શરૂઆત કરાવી હતી.આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, આજથી અમે



ટીબી મુક્ત અભિયાનની શરૂઆત કરી રહ્યા છીએ. હું આ કહીશ, એક રીતે આ અભિયાનને નવી ગતિ



મળશે. આ ૧૦૦-દિવસનો કાર્યક્રમ છે, જે અંતર્ગત ૩૪૭ જિલ્લાઓમાં જ્યાં ્મ્નો પ્રકોપ વધુ છે. ત્યાં ફોકસ રહેશે. ટેસ્ટ, સારવાર અને અન્ય મહત્વની બાબતો આ અભિયાન અંતર્ગત કરવામાં આવશે. ટીબી મુક્ત અભિયાનના આ ૧૦૦ દિવસ એક સીમાચિહ્નરૂપ સાબિત થશે.આ પહેલ, ૩૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૩૪૭ જિલ્લાઓમાં અમલમાં મુકવામાં આવશે, તેનો હેતુ ટીબીના કેસોની તપાસ વધારવા, નિદાનમાં વિલંબ ઘટાડવા અને સારવારના પરિણામોમાં સુધારો કરવાનો છે, ખાસ કરીને ઉચ્ચ જોખમ ધરાવતા સમુહોમાં.દેશના વિવિધ ક્ષેત્રોમાં કાર્યક્રમ સબંધીત પ્રવૃત્તિઓને મજબૂત કરવા, ટીબીના પરિણામોમાં અસમાનતા ઘટાડવા અને ટીબી નાબૂદીના ધ્યેયને હાંસલ કરવા માટે દેશ દ્વારા આ વધુ એક પ્રયાસ હશે.૧૦૦-દિવસીય અભિયાનનો અભિગમ મુખ્ય સૂચકાંકો જેમ કે ટીબીના રોગનો દર, નિદાન કવરેજ અને મૃત્યુ દર દ્વારા જાણ કરવામાં આવે છે. આ મંત્રાલય દ્વારા હાથ ધરવામાં આવેલા હાલના નીતિ સુધારાઓ સાથે પણ સુસંગત છે, જેમાં ટીબીના દર્દીઓ માટે નિક્ષય પોષણ યોજના હેઠળ ઉન્નત નાણાકીય સહાય અને સામાજિક સહાય પહેલ, પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન હેઠળ સમાવેશ થાય છે.ઝુંબેશના કેટલાક મુખ્ય ફોકસ ક્ષેત્રોમાં અદ્યતન ડાયગ્નોસ્ટિક્સની ઍક્સેસ, નબળા જૂથોમાં લક્ષિત સ્ક્રીનીગ, ઉચ્ચ જોખમ ધરાવતા વ્યક્તિઓ માટે વિશેષ સંભાળની જોગવાઈ અને વિસ્તૃત પોષણ સહાયતા છે.

## આઈવરી કોસ્ટમાં ભયંકર માર્ગ અકસ્માત, ટક્કર બાદ આગમાં લપેટાઈ બસ, ૨૬નાં મોત, ૨૮ ઈજાગ્રસ્ત



પશ્ચિમ આફ્રિકી દેશ આઈવરી કોસ્ટના આબિદજાનમાં એક ભયાનક અકસ્માત સર્જાય હતો. જ્યા બે બસો વચ્ચેની ટક્કરમાં ૨૬ના મૃત્યુ નિપજ્યાં છે અને ૨૮ લોકો ઈજાગ્રસ્ત થયા છે. હેવ આ દુર્ઘટનાને લઈને પોલીસે તપાસ શરૂ કરી છે.અહેવાલો અનુસાર, બંને બસો વચ્ચે ટક્કર બાદ ભયંકર આગ લાગી હતી. જેમાં મૃત્યુ પામેલા ૨૬ લોકોમાંથી દસ લોકો દાઝી જવાથી મૃત્યુ પામ્યા હતા. અકસ્માત બાદ પરિવહન મંત્રાલય તરફથી એક નિવેદન જાહેર કરવામાં આવ્યું છે. જેમાં પરિવહન મંત્રીએ લોકોને ટ્રાફિક નિયમોનું પાલન કરીને વધુ સાવચેત રહેવાની અપીલ કરી છે.ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ આફ્રિકાના દેશમાં ખરાબ રસ્તાઓ અને બેદરકાર ડ્રાઈવિંગને કારણે રોડ અકસ્માતો સામાન્ય છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર દર વર્ષે આવા અકસ્માતોમાં એક હજારથી વધુ લોકો જીવ ગુમાવે છે. માર્ગ અકસ્માતોને રોકવા માટે અત્યાર સુધી લેવાયેલા પગલાં બિનઅસરકારક જણાય છે.

## રાહુલની નાગરિકતા મામલે હાઈકોર્ટે કેન્દ્ર પાસે જવાબ માંગ્યો:અરજીમાં કોંગ્રેસ નેતાની નાગરિકતા રદ કરવાની માગ



કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીની ભારતીય નાગરિકતા રદ કરવાની અરજી પર શુક્રવારે દિલ્હી હાઈકોર્ટમાં સુનાવણી થઈ હતી. હાઈકોર્ટે અરજી પર કેન્દ્ર સરકારનું સ્ટેન્ડ પૂછ્યું છે. આ અરજી ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામીએ દાખલ કરી છે.કાર્યકારી ચીફ જસ્ટિસ વિભુ બખરુ અને જસ્ટિસ તુષાર રાવ ગેડેલાની બેન્ચે સરકારી વકીલ તરફથી જવાબ ન મળે ત્યાં સુધી વધુ આદેશો મુલતવી રાખ્યા હતા.કોર્ટે સ્વામીની અરજી પર ઔપચારિક નોટિસ જારી કરી ન હતી. સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકાર વતી હાજર રહેલા પ્રોક્સી વકીલે કોર્ટને માહિતી આપી હતી કે આ મામલે કેન્દ્ર સરકાર વતી હાજર થવા માટે એક વરિષ્ઠ વકીલને નામાંકિત કરવામાં આવ્યા છે. નવા વકીલને કેસ સમજવા માટે સમયની જરૂર છે. આના પર કોર્ટે કેસની સુનાવણી ૧૩ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ નક્કી કરી છે.સુબ્રમણ્યમ સ્વામીએ ૬ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ પત્ર લખીને ગૃહ મંત્રાલયને રાહુલની ભારતીય નાગરિકતા રદ કરવાની માગ કરી હતી.હકીકતમાં, શિશિરે દાવો કર્યો છે કે રાહુલ પાસે 'લાલ રંગનો' પાસપોર્ટ છે, જેના પર બ્રિટિશ સરકારની સીલ છે. ભારતમાં નાગરિકતા કાયદા હેઠળ, કોઈપણ વ્યક્તિ બેવડી નાગરિકતા લઈ શકતો નથી. શિશિરની અરજી પર સુનાવણી કરતા લખનૌ બેન્ચે ગૃહ મંત્રાલયને ૧૯ ડિસેમ્બર સુધીમાં જણાવવા કહ્યું છે કે શું રાહુલ ગાંધી પાસે બે દેશોની નાગરિકતા છે.બીજેપી નેતા સુબ્રમણ્યમ સ્વામીએ દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. તેણે રાહુલની ભારતીય નાગરિકતા રદ કરવાની માંગ કરી છે. છેલ્લી સુનાવણી દરમિયાન સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યું હતું કે મેં ઘણા પત્રો લખ્યા છે. ત્યારબાદ કોર્ટે પૂછ્યું કે લખનૌ હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી કાર્યવાહી વિશે શું માહિતી છે? સુબ્રમણ્યમ સ્વામીએ જવાબ આપ્યો કે તેને અમારી સાથે કોઈ લેવાદેવા નથી.

દિલ્હી અને લખનૌ હાઈકોર્ટમાં પણ આવી જ અરજી સુબ્રમણ્યમે કહ્યું, હું માત્ર મારી ફરિયાદથી ચિંતિત છું. પ્રક્રિયા અંગે ગૃહ મંત્રાલય તરફથી જવાબની જરૂર છે. દિલ્હી હાઈકોર્ટે કહ્યું કે લખનૌ હાઈકોર્ટમાં દાખલ કરાયેલી અરજી ઘણી વ્યાપક લાગે છે. અમે નથી ઈચ્છતા કે બે સમાન અરજીઓ બે હાઈકોર્ટમાં પેન્ડિંગ રહે. સુબ્રમણ્યમે કહ્યું કે, પરંતુ આપણે તેના વિશે બિલકુલ ચિંતા ન કરવી જોઈએ.

કોર્ટે કહ્યું કે લખનૌ હાઈકોર્ટમાં અરજી દાખલ કરનાર અરજદાર વિરુદ્ધ પહેલાથી જ તપાસ ચાલી રહી છે.



**તંત્રી સ્થાનેથી..**

# બિટકોઈનમાં અફરાતફરી: ૯૪૦૦૦ ડોલરની અંદર સરકી ફરી ઊંચકાયો

૧,૦૦,૦૦૦ ડોલરની વિક્રમી સપાટી પાર કર્યા બાદ મુખ્ય ક્રિપ્ટો કરન્સી બિટકોઈનમાં છેલ્લા ચોવીસ કલાકમાં મોટી અફરાતફરી જોવા મળી હતી. ૧,૦૩,૫૮૩ ડોલરની વિક્રમી સપાટીએથી બિટકોઈન છેલ્લા ચોવીસ કલાકમાં ગબડીને એક તબક્કે ૯૪૦૦૦ ડોલરની અંદર સરકી ગયો હતો. જો કે મોડી સાંજે ભાવ ફરી બાઉન્સ બેક થઈ ૯૮૦૦૦ ડોલરની આસપાસ જોવા મળ્યો હતો. છેલ્લા ચોવીસ કલાકમાં બિટકોઈન ઉપરમાં ૧૦૩૫૬૭ ડોલર અને નીચામાં ૯૩૪૬૮ ડોલર જોવાયો હતો.

ઊંચા મથાળે નફા બુકિંગ આવતા બિટકોઈનમાં અફરાતફરી જોવા મળી હોવાનું બજારના સુત્રોએ જણાવ્યું હતું. ટ્રમ્પના વિજય બાદ બિટકોઈનમાં હાલમાં ભાવમાં મોટી વધઘટ જોતા સંસ્થાકીય રોકાણકારો એકદમ સક્રિય હોવાના સંકેત મળી રહ્યા છે જ્યારે રિટેલ રોકાણકારોનો સહભાગ હજુ જોવા મળતો નથી. અમેરિકાના સિક્યુરિટીસ એન્ડ એકસચેન્જ કમિશન (એસઈસી)ના નિવૃત્ત થઈ રહેલા હાલના અધ્યક્ષ ગેરી જેન્સલરના સ્થાને ડોનાલ્ડ ટ્રમ્પે ક્રિપ્ટો માર્કેટસના તરફદાર પૌલ એટકિન્સ પર પસંદગી ઢોળતા બિટકોઈન સહિત અન્ય ક્રિપ્ટોસને ગુરુવારે આવશ્યક ટેકો મળ્યો હતો.

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પના વિજય બાદ પોઝિટિવ વાતાવરણનો ક્રિપ્ટો માર્કેટસને લાભ મળી રહ્યો હોવાનું સિટી બેન્ક દ્વારા મત વ્યકત કરાયો હતો. હળવી નાણાં સ્થિતિ અને સ્થિતિસ્થાપક વિકાસ ક્રિપ્ટો ટોકન્સ માટે પોઝિટિવ હોવાનું પણ બેન્ક દ્વારા એક નોટમાં જણાવાયું હતું.

# ઈઝરાયલ સામે લડવાના ફાંફા ત્યાં સીરિયાના યુદ્ધમાં હિઝબુલ્લાહે ઝંપલાવ્યું, ભયંકર સંઘર્ષના એંધાણ



સીરિયામાં બળવાખોરોએ શનિવારે દક્ષિણી શહેર દાવા પર કબ્જો કરી લીધો હતો. આ શહેર રાષ્ટ્રપતિ બશર અલ-અસદની સામે ૨૦૧૧માં શરૂ થયેલા વિદ્રોહનું જન્મસ્થાન છે. દારા, સીરિયાનું ચોથું મોટું શહેર છે જેને બશર અલ-અસદ સરકારના સમર્થનવાળી સેનાએ બળવાખોરોના હાથે છેલ્લાં એક અઠવાડિયામાં ગુમાવી દીધું છે.સીરિયાના બળવાખોરોએ જણાવ્યું કે, સેનાએ દારાની વાપસી માટે એક સમજૂતી કરી છે. આ સમજૂતી હેઠળ બળવાખોરો સેનાના અધિકારીઓને લગભગ ૧૦૦ કિમી ઉત્તરમાં રાજધાની દમિશ્ક સુધી સુરક્ષિત માર્ગ પ્રદાન કરશે. સોશિયલ મીડિયા પર વાઈરલ વીડિયોમાં મોટરસાઈકલ પર સવાર બળવાખોરો દારાના રસ્તા પર સ્થાનિક નિવાસીઓ સાથે વાતચીત કરતાં અને મળતા જોવા મળી રહ્યા છે. લોકો શહેરના મુખ્ય ચાર રસ્તા પર હવામાં ગોળીબાર કરીને જશ્ન મનાવતા જોવા મળ્યા હતાં.જોકે, દારા પર બળવાખોરોના કબ્જાને લઈને સીરિયાની સેના અથવા બશર અલ-અસદ સરકારની તરફથી કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી. આ શહેર જોર્ડનની સીમાથી અડીને આવેલા સીરિયા પ્રાંતની રાજધાની છે, જેની વસ્તી ૧ લાખની આસપાસ છે. ૧૩ વર્ષ પહેલાં અસદ સરકારની વિરૂદ્ધ અહીથી વિદ્રોહની શરૂઆત થઈ હતી. આ પ્રકારના દાવા પર વિદ્રોહીઓનો કબ્જો થવો, એક પ્રતિકાત્મક મહત્ત્વ રાખે છે.

આ પહેલાં સીરિયાના બળવાખોરો શુક્રવારે મોડી રાત્રે હોમ્સ શહેરના કિનારા સુધી વધી ગયા છે. આ શહેર સીરિયાની રાજધાની દમિશ્ક અને મેડિટેરેનિયન સી વચ્ચે સ્થિત છે. હોમ્સ પર બળવાખોરોના કબ્જાથી રાજધાની દમિશ્ક, બશર અલ-અસદ સમર્થક અલાવાઈટ સમુદાયના ગઢ અને તેના રશિયા સહયોગી નેવલ બેઝ અને એરપોર્ટથી કપાઈ જશે. સીરિયાના બળવાખોરોએ જૂથે ટેલિગ્રામ મેસેજિંગ એપ પર કહ્યું, ‘અમારી સેનાએ હોમ્સ શહેરની બહારના વિસ્તારોમાં છેલ્લા ગામને મુક્ત કરી લીધું અને હવે તેની દીવાલો પર કબ્જો કરી લીધો છે.બળવાખોર જૂથોમાં ઈસ્લામાવાદી જૂથ હયાત તહરીર અલ-શામ (ૐ્જી)નો સમાવેશ થાય છે, જેણે હોમ્સમાં અસદની સરકાર પ્રતિ વફાદાર સેનાએ પોતાની સાથે વિદ્રોહમાં સામેલ થવાનું અંતિમ આહ્વાન કર્યું. ત્રણ સીરિયાઈ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, કુર્દ લડવૈયાઓના નેતૃત્ત્વમાં અમેરિકા સમર્થિત વિદ્રોહી ગઠબંધને શુક્રવારે વિશાળ પૂર્વી રણવિસ્તારમાં અસદ સરકારના મુખ્ય ગઢ ડેર અલ-જોર પર કબ્જો કરી લીધો છે. બળવાખોરોએ અલેપ્પો અને હામા પર પણ કબ્જો કરી લીધો છે. સીરિયન સ્ટેટ ટીવીએ જણાવ્યું કે, શુક્રવારે હામા, ઈદલિબ અને અલેપ્પોના ગ્રામીણ વિસ્તારોમાં બળવાખોરાના મુખ્યાલયોને નિશાનો બનાવીને કરવામાં આવેલા રશિયા-સીરિયા હવાઈ હુમલામાં ઓછામાં ઓછા ૨૦૦ વિદ્રોહીઓ મોતને ઘાટ ઉતર્યા છે.

સીરિયાની સેનાના સૂત્ર પાસેથી મળતી માહિતી મુજબ, ઈરાન સમર્થિત હિઝબુલ્લાહ દળોને હોમ્સમાં અન્ય એક સરકારી સુરક્ષાને મજબૂત કરવા માટે તૈનાત કરવામાં આવ્યા છે. લેબેનોનના બે વરિષ્ઠ સુરક્ષા સૂત્રોએ શુક્રવારે જણાવ્યું કે, હિઝબુલ્લાહે બળવાખોરોને હોમ્સ પર કબ્જો કરતાં રોકવામાં અસદ સરકારની મદદ કરવા માટે પોતાના લડવૈયાઓને સીરિયા મોકલ્યા છે. મળતી માહિતી મુજબ, સીરિયા અને રશિયન વાયુ સેના, આર્ટિલરી, મિસાઈલ અને બખ્તરબંધ વાહનો સાથે ચલાવવામાં આવેલા એક ઓપરેશનમાં શુક્રવારે હોમ્સ ગ્રામીણ વિસ્તારોમાં ડઝન જેટલાં બળવાખોરોને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા છે. સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર કાર્યાલયે ૨૦૨૨માં કહ્યું હતું કે, સીરિયાના સંઘર્ષમાં ૨૦૧૧ થી ૨૦૨૧ દરમિયાન ૩,૦૫,૦૦૦ થી વધારે લોકો મોતને ભેટ્યા છે. પ્રમુખ સહયોગી- રશિયા, ઈરાન અને લેબેનોનના હિઝબુલ્લાહના બચાવમાં આવ્યા બાદ બશર અલ-અસદ સમર્થિત સેનાએ સીરિયાના મોટાભાગના વિસ્તાર પર ફરીથી નિયંત્રણ મેળવી લીધુંછે. જોકે, હાલમાં અન્ય સંકટોના કારણે તમામ સહયોગી કમજોર સપડી રહ્યા છે અને તેમનું ધ્યાન કેન્દ્રીત નથી, જેનાથી સુન્ની મુસ્લિમ બળવાખોરોને ફરી હુમલો કરવાની તક મળી ગઈ છે.

# અયોધ્યા રામમંદિરમાં આકાશી દર્શનનો લાભ: હેલિકોપ્ટરમાં બેસી મંદિરના એરિયલ વ્યૂ જોઈ શકાશે

જો તમે અયોધ્યામાં સ્થિત ભગવાન શ્રી રામના મંદિરનો એરિયલ વ્યૂ જોવા માંગતા હતા, પરંતુ સુવિધાના અભાવે તેમ કરી શક્યા નથી, તો તમારા માટે આ સારા સમાચાર છે. ખરેખર, યુપી સરકારે અયોધ્યામાં રામ મંદિરના હવાઈ દર્શન કરાવવાનો નિર્ણય લીધો છે. આ માટે રાજ્ય સરકાર હેલિકોપ્ટર દ્વારા દર્શનની યોજના પણ શરૂ કરવા જઈ રહી છે. આવી સ્થિતિમાં, ટૂંક સમયમાં તમે હેલિકોપ્ટરમાં થોડા પૈસા ચૂકવીને રામ મંદિરના દર્શન કરી શકશો. યુપીના સીએમ યોગી આદિત્યનાથ ટૂંક સમયમાં આ યોજના શરૂ કરી શકે છે.૪૧૩૦ રૂપિયા ભાડું હેલિકોપ્ટર દ્વારા અયોધ્યાના રામ મંદિરના દર્શન માટે અત્યાર સુધી નક્કી કરાયેલું ભાડું ૪૧૩૦ રૂપિયા પ્રતિ વ્યક્તિ છે. એટલે કે જો કોઈ ભક્ત આ મંદિરના હવાઈ દર્શન કરવા ઈચ્છે છે તો તેમણે યુપી સરકારને ૪૧૩૦ રૂપિયા ચૂકવવા પડશે. જો કે, આ રકમ ચૂકવ્યા પછી તમને હેલિકોપ્ટર દ્વારા કેટલા સમય સુધી લઈ જવામાં આવશે તે હજુ સ્પષ્ટ નથી.૨૦૨૫માં રામ મંદિરનું કામ પૂરું થશે અયોધ્યામાં બની રહેલું રામ મંદિર જૂન ૨૦૨૫ સુધીમાં સંપૂર્ણ રીતે તૈયાર નહી થાય, તેના બદલે તેમાં વધારાના ત્રણ મહિનાનો સમય લાગશે અને સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં તે પૂર્ણ થઈ જશે. આ વર્ષની શરૂઆતમાં, ૨૨ જાન્યુઆરીએ, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, અયોધ્યામાં નવનિર્મિત મંદિરમાં શ્રી રામલલ્લાની પ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. રામ મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ જણાવ્યું હતું કે મંદિરની બાઉન્ડ્રી વોલમાં ૮.૫ લાખ ઘનફૂટ લાલ બંસી પહારપુર પથ્થરનો ઉપયોગ કરવામાં આવશે અને આ પથ્થરો અયોધ્યા પહોંચી ગયા છે, પરંતુ ત્યાં ૨૦૦ કામદારોની અછત છે, જેના કારણે બાંધકામ ઠપ થઈ ગયું છે. વિલંબ થઈ રહ્યો છે. મિશ્રાએ કહ્યું કે રામ મંદિરનું નિર્માણ હવે જૂન ૨૦૨૫માં નહી પરંતુ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં પૂર્ણ થશે.તેમણે એમ પણ કહ્યું કે પહેલા માળે કેટલાક પત્થરો નબળા અને પાતળા દેખાય છે, તેમની જગ્યાએ મકરાણા પત્થરો સ્થાપિત કરવામાં આવશે. તેમણે કહ્યું કે તમામ પ્રોજેક્ટ પર કામ ચાલી રહ્યું છે. અયોધ્યામાં રામ મંદિર નિર્માણ સમિતિની બેઠક શુક્રવારે બીજા દિવસે પણ ચાલુ રહી.



# નરોડામાં માતાએ પુત્રને ત્રીજા માળેથી ફેંક્યા બાદ કૂદકો મારી કરી આત્મહત્યા



અમદાવાદના નરોડા વિસ્તારમાં હૈયું હચમચાવી દે તેવી ઘટના સામે આવી છે. જેમાં માતાએ પુત્ર સાથે ત્રીજા માળેથી કૂદકો મારી આત્મહત્યા કરી હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. માતા માનસિક રીતે અવસ્થ હોવાથી દવા ચાલી રહી હોવાનું પણ સામે આવ્યું છે. પ્રાથમિક તબક્કે મળી રહેલી માહિતી અનુસાર નરોડના હંસપુરા વિસ્તારમાં ૩૩ વર્ષીય વિરાજબેન વાણીયાએ ૮ વર્ષના પુત્રને ત્રીજા માળેથી ફેંક્યા બાદ તેમણે પણ કૂદકો મારી આત્મહત્યા કરી લીધી છે. વિરાજબેનના પતિ મિતેશકુમાર વાણીયા હિંમતનગર ડોગ સ્ક્વોડમાં પોલીસ ખાતામાં ફરજ બજાવે છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર બાળક માનસિક રીતે અસ્થિર હતો અને વિરાજબેનની પણ માનસિક સ્થિતિ સારી ન હોવાથી દવા ચાલતી હતી. ઘટનાની જાણ થતાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો છે અને વધુ તપાસ હાથ ધરી છે. હાલમાં પડોશીઓ તેમજ પરિવારજનો સાથે પૂછપરછ કરી વધુ વિગતો પ્રાપ્ત કરવામાં આવી રહી છે.

# ગર્ભખંડ એટલે વર્ગખંડ

ગર્ભશિશુ(કીંજ)ને ઓર (placenta) સાથે જોડતી લોહીની નસોવાળી નળી. તેની લંબાઈ જુદી જુદી હોય છે; પરંતુ તે સરેરાશ ૫૫ સેમી. લાંબી હોય છે. તેમજ એક વિદ્યાર્થી સાથેનો સીધો સબંધ એક શિક્ષક સાથે જોડાયેલો હોય છે. જેમ ગર્ભમાં ઉછરી રહેલા બાળક ૧૨મા દિવસે પ્રાગર્ભ (ભ્રૂણ, embryo) ૧ મિમી. લંબાઈનો હોય છે. તેના પોલાણમાંના મધ્યપેશીય (mesenchymal) કોષો ભેગા મળીને કાયદંડ (ર્દ્બ્રઅ જંદ્બક્ષ્ઙ્ગા) બનાવે છે. તેમાંથી સમય જતાં ગર્ભનાળ બને છે તેમજ એક વિદ્યાર્થીની એક શિક્ષક સાથેની આત્મીયતા વિકસાવવા માટે પણ થોડો સમય લાગતો હોય છે. ગાંધીનગરના એક સ્કૂલ ડેવલોપર અને એક શિક્ષક શ્રી સરગાસણ સ્થિત રેડિયન્ટ એક ઊમદા વિચારોથી જણાવ્યું અને વિદ્યાર્થી વચ્ચેનું અંતર ઘણું કારણો આ પ્રમાણે ગણાવી પદ્ધતિ, ૨.હરીફાઈ યુક્ત શિક્ષકો વચ્ચે આત્મીયતાનો પાછળ પાડી દેવાની વૃત્તિ, શૈક્ષણિક સ્ટાફની નિમણુક, અપેક્ષા, ૭.માત્ર ને માત્ર મારી વિચારધારા મુજબ એક ગર્ભમાં વૃદ્ધિ અને વિકાસની હોય છે, પરંતુ તેના પૃષ્ઠભાગની



વિકીરાજ પંડયા જેઓ સ્કૂલમાં એક શિક્ષક છે તેઓએ કે આજના સમયમાં શિક્ષક જ વધી રહ્યું છે તેના મુખ્ય શકાય. ૧.હાલની શિક્ષણ ટ્યુશન પ્રથા, ૩.શિક્ષકો – અભાવ, ૪.એક બીજાને ૫.શિક્ષણ જગતમાં અયોગ્ય ૬.વાલીઓની વધારે પડતી સરકારી નોકરીની અપેક્ષા.. ગર્ભમાં ઉછરી રહેલું બાળક, શરૂઆતમાં પ્રાગર્ભ ચપટો વૃદ્ધિ ઝડપી હોવાને કારણે તે

ગર્ભજળકોષ્ઠ(ઠ્ઠદ્બહૈંહ)માં ઊપસી આવે છે. તેમજ એક વર્ગખંડમાં બેસેલું એક નાનું બાળક એજ રીતે વૃદ્ધિ અને વિકાસ પામે છે જે રીતે તે પોતે એના માતાના ગર્ભમાં હોય અને તેજ રીતે આજના શિક્ષકોને સંસ્કારોનું સિંચન કરવું જોઈએ. કેમકે ગર્ભમાં રહેલા બાળક ગર્ભમાં શું શીખે છે? તો માતા જે સાંભળે તે બાળક સાંભળે, માતા જે સ્વાદનું ભોજન કરે તેજ સ્વાદનો અનુભવ બાળક કરે છે તેજ રીતે માતા જે જુએ છે, રટણ કરે છે, જે બોલે છે, તે બધુ જ બાળક અનુભવ કરે છે. તો બાળક જ્યારે પ્રથમ દિવસે સ્કૂલમાં આવે ત્યારે એક શિક્ષક તેની માતાના સ્વરૂપમાંજ તેને ઉછેરે છે અને એક માતાના જેમ જ બાળકને પોતાના ખોળામાં બેસાડીને બાળકના સર્વાંગી વિકાસની શરૂઆત કરે છે. વધુમાં, જેમ બાળક પોતાના માતાના ગર્ભમાં ૯ મહિના રહે છે તેજ રીતે બાળક શાળામાં એક શિક્ષક સાથે ૯ મહિનાની જ સફર કરતું જોવા મળે છે એટલે કે શાળાનો વાર્ષિક સમયગાળો ૧૨ મહિનાનો જેમાં ઊનાળું વેકેશન લગભગ ૩૫ દિવસ, દિવાળી વેકેશન લગભગ ૨૧ દિવસ અને વાર્ષિક રવિવારની રજાઓ લગભગ ૪૮ દિવસ બાદ કરતાં એક બાળકનો શૈક્ષણિક સમય ૯ મહિનાનો જ રહે છે તો એવું કહી શકાય કે એક માતા ગર્ભમાં એક બાળકનું સિંચન કરે છે તો એક શિક્ષક વર્ગમાં સર્વાંગી વિકાસ સાથે સંસ્કારોનું સિંચન કરે છે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના ન્યાયતંત્રની માળખાગત સુવિધાઓને વધુ મજબૂત કરતા વિવિધ પ્રકલ્પોનું ગુજરાત હાઈકોર્ટ પરિસર માં લોકાર્પણ-ખાતમુહૂર્ત સંપન્ન કર્યા

ગુજરાત હાઈકોર્ટ ખાતે રાજ્યના ન્યાયતંત્રની માળખાગત સુવિધાઓને વધુ મજબૂત કરતા વિવિધ પ્રકલ્પોનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને સુપ્રીમ કોર્ટના જસ્ટિસ શ્રી સૂર્યકાંતના હસ્તે લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ શ્રીમતી સુનિતા અગ્રવાલ તેમજ કાયદા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે ન્યાયપાલિકાને મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આપીને સમય અનુરૂપ ભવનો અને ટેકનોલોજીથી સુસજ્જ રાખવાની વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીની નેમ છે. આ નેમને સાકાર કરવાની દિશામાં ગુજરાત હાઈકોર્ટ ખાતે આજે રૂપિયા ૧૩૩ કરોડના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન થયું છે.

વર્ષ ૧૯૬૦માં ગુજરાત અલાયદું રાજ્ય બન્યું ત્યારે આકાશવાણી ભવન, નવરંગપુરા ખાતેથી શરૂ થયેલી ગુજરાત હાઈકોર્ટની સફર ઉત્તરોત્તર નવીનતમ સુવિધાઓ સાથે આગળ વધી છે એમ જણાવીને મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે આજે સોલા ખાતે સ્ટેટ ઓફ ધ આર્ટ ફેસિલિટી સાથેનું ગુજરાત હાઈકોર્ટનું અદ્યતન ભવન કાર્યરત છે. ન્યાયાલયો, તેની સાથે સંકળાયેલી નવી ઈમારતો કે મકાનો બાંધવા સહિત ન્યાયાધીશો અને કોર્ટ સ્ટાફને અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનો રાજ્ય સરકારનો હંમેશાં પ્રયાસ રહ્યો છે.વધુમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે રાજ્યના દરેક તાલુકા મથકે પ્રિન્સિપલ સિવિલ જજની કોર્ટ કાર્યરત કરીને આપણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટની મુહિમને સાકાર કરવાની દિશામાં કામગીરી કરી છે.સુશાસન અને લોકતંત્રમાં ગુડ ગવર્નન્સની જરૂરિયાત વિશે જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે કોઈ પણ દેશ કે રાજ્યના વિકાસમાં અને ગુડ ગવર્નન્સમાં કાયદો વ્યવસ્થા અને ન્યાયપ્રણાલીનું મહત્ત્વનું યોગદાન હોય છે. ન્યાયતંત્ર, વહીવટી તંત્ર અને ધારાસભા એ લોકશાહીના અને સુશાસનના આધારસ્તંભ છે.

આ ત્રણેય વચ્ચેનું યોગ્ય સંકલન સુશાસન અને લોકતંત્રને ગતિમાન રાખે છે.

લોકોને સુશાસનનો પ્રત્યક્ષ અનુભવ થાય તે માટે ઝડપી ન્યાય પ્રાપ્ત થાય એ અતિ આવશ્યક છે. આ માટે રાજ્ય સરકાર ન્યાયતંત્ર અને હાઈકોર્ટની જરૂરિયાત અનુસારના સંસાધનો ઉપલબ્ધ કરાવવા કટિબદ્ધ છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે

આ માટે કાયદા વિભાગના બજેટમાં રાજ્ય સરકારે નાણાકીય ફાળવણી કરી છે. વર્ષ ૨૦૨૧ - ૨૨માં આ ફાળવણી ૧૬૯૮ કરોડ રૂપિયા હતી , જે ૨૦૨૪-૨૫માં ૨૫૮૬ કરોડ રૂપિયા કરવામાં આવી છે. જે ન્યાયતંત્રની કાર્યક્ષમતા વધારવા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, ડિજિટલાઈઝેશન અને સુદૃઢ માનવબળ ઉપલબ્ધ કરાવવાનું રાજ્ય સરકારનું કમિટમેન્ટ દર્શાવે છે.મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ ટ્રાન્સપરન્ટ , એફિશિયન્ટ અને ગુડ ગવર્નન્સ માટે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રાધાન્ય આપ્યું છે. ગુજરાત હાઈકોર્ટે આ ક્ષેત્રે ઉદાહરણ રૂપ કાર્ય કર્યું છે. યુટ્યુબ પર કોર્ટની કામગીરીનું લાઈવ ટેલિકાસ્ટ કરનારું ગુજરાત સૌપ્રથમ રાજ્ય બન્યું છે. વર્ચ્યુઅલ કોર્ટ , ડિજિટલ પોર્ટલ, પેપરલેસ ઈ ફાઈલિંગના અભિગમ પણ રાજ્યની ન્યાયપાલિકાએ અપનાવ્યા છે. આજે લોકાપર્ણ અને ખાતમુહૂર્ત કરવામાં આવેલા વિવિધ પ્રકલ્પો ન્યાય પ્રણાલીને ઝડપી બનાવશે, એમ તેમણે ઉમેર્યું હતું.

સુપ્રીમ કોર્ટના જજ શ્રી જસ્ટિસ સૂર્યકાંતે આ પ્રસંગે જણાવ્યું હતું કે, કોઈપણ રાષ્ટ્રના વિકાસમાં તેની ન્યાય વ્યવસ્થાનું મહત્વનું યોગદાન રહે છે. મજબૂત ન્યાયપાલિકા રાષ્ટ્ર ઉત્થાનના પાયાના સ્તંભમાંની એક છે. આજના આધુનિક યુગમાં મજબૂત જ્યુડિશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેક્નોલોજીનો યથાયોગ્ય ઉપયોગ ન્યાયતંત્રની સૌથી મહત્વની જરૂરિયાતો છે. આ બન્ને બાબતોના અમલીકરણમાં ગુજરાત હાઈકોર્ટ મોખરે છે. આજે લોકાર્પણ અને ખાતમુહૂર્ત થયેલા પ્રકલ્પો એ વાતની સાબિતી આપે છે કે ગુજરાતમાં ન્યાયતંત્રની માળખાગત સુવિધાઓ અને ટેકનોલોજીના ઉપયોગ દ્વારા ડીજીટાઈઝેશન ખૂબ જ ઝડપથી થઈ રહ્યું છે. રાજ્ય સરકાર પણ હાઈકોર્ટની તમામ જરૂરિયાતો પૂર્ણ કરવા સંપૂર્ણપણે કટિબદ્ધ છે જે આનંદદાયક બાબત છે, એમ તેમણે ઉમેર્યું હતું.હાઈકોર્ટના ચીફ જસ્ટિસ શ્રીમતી સુનિતા અગ્રવાલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ બનવાથી ન્યાયિક પ્રક્રિયા વધુ ઝડપી અને સરળ બને છે. રાજ્ય સરકારના હકારાત્મક અભિગમથી આજે અનેક નવાં મકાનો અને પ્રકલ્પોનો શિલાન્યાસ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યા છે. આ જ પ્રકારે ન્યાયપાલિકાના કર્મચારીઓ માટે આરોગ્ય સુવિધા કરાવવામાં પણ રાજ્ય સરકારનો ઝડપી અને મહત્ત્વપૂર્ણસહયોગ સાંપડ્યો છે. તેમણે ઉમેર્યું કે ફેમિલી કોર્ટની કાર્યવાહી માટે ડિજિટલ હિયરિંગ પ્લેટફોર્મ અને નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ કેસ માટે ઈ-ફાઈલિંગની સુવિધા જેવા ટેક્નોલૉજિકલ ટ્રાન્સફોર્મેશન ન્યાયિક પ્રક્રિયા ઝડપી બનાવવામાં ઉપયોગી પુરવાર થશે. પેપરલેસ ઈકો-સિસ્ટમ વિકસાવવામાં ૈ્દ્બઉૅંઝ વિઝન ડોક્યુમેન્ટ મદદરૂપ સાબિત થશે અને ભવિષ્યમાં આ ફેરફારો ક્રાન્તિકારી બની રહેશે.

ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ શ્રી બિરેન વૈષ્ણવે પોતાના ઉદબોધનમાં ખાતમુહૂર્ત-લોકાર્પણ થનાર પ્રકલ્પોની માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજયના ન્યાયતંત્રના માળખાને મજબૂત બનાવવા માટે જરૂરી તમામ માળખાકીય સુવિધાઓ અને જ્યુડિશિયલ ઈન્ફરાસ્ટ્રક્ચર પૂરું પાડવા માટે રાજ્ય સરકાર અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સતત પ્રતિબદ્ધતા દર્શાવી છે તથા જરૂરી તમામ સહકાર પૂરો પાડ્યો છે. જેના પરિણામસ્વરૂપ આજે રાજ્યમાં ઉપલબ્ધ કાયદાકીય સુવિધાઓ અને જ્યુડિશિયલ ઈન્ફરાસ્ટ્રક્ચરની દેશભરમાં નોંધ લેવાઈ રહી છે.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO:346**
વિષય : માફી શિર્ષક : માફી
પ્રકાર : ગદ્ય શબ્દોઃ ૩૪૮

માફી એ માનવીય સંબંધોમાં એક અગત્યનો દ્રષ્ટિ છે. દરેક વ્યક્તિથી ક્યારેય ન ક્યારેય કોઈને દુખ પહોંચે છે, અને એના લીધે મનમાં રોષ, ગુસ્સો, આઘાત કે દુઃખ થવું એ સ્વાભાવિક છે. પરંતુ આ દુખ અને ગળાબાઠી વચ્ચે માફી એ એક મહત્વપૂર્ણ કડી બની રહે છે, જે મનના હકિકતને રાહત આપે છે.

માફી એ એ ક્રિયા છે, જેમાં આપણે એ વ્યક્તિ અથવા પ્રિસ્થિતિને કવિસ્થાપિત દ્રષ્ટિથી મુક્ત કરવામાં મદદ કરીએ છીએ, જેમણે અમને દુખ પહોંચાડ્યો હોય. માફી આપતી વખતે, આપણે આપણી માનસિક અવસ્થાને અને જીવનની બાબતોને દષ્ટિદાન અને સહાનુભૂતિથી જોઈ રહ્યા હોઈએ છીએ. માફી આપવાથી, આપણને માત્ર બીજાને મુક્તિ મળતી નથી, પરંતુ આપણે પણ આંતરિક શાંતિ અને સમજણ અનુભવતા હોઈએ છીએ.

માફીનું મહત્વ આપણે જાણીએ તો,
૧. આંતરિક શાંતિઃ માફી આપવાથી મન પરનો બોજ ઓછો થાય છે. એ પહેલા જે ગુસ્સો, દુખ અને ગુસ્સો ભેગો થયો હતો, તે હળવો થઈ જાય છે.

૨. સંબંધોને મજબુતીઃ માફી આપવાથી સંબંધો મજબૂત બની શકે છે. જ્યારે આપણે ગુસ્સા અને દુઃખને છોડીને બીજાને માફી આપે છે, ત્યારે આપણે એક બીજા માટે પીડાને છોડી દઈએ છીએ અને એક નવી શરૂઆત કરી શકે છે.

૩. માનસિક સ્વાસ્થ્યઃ ગેરસમજ અથવા દુખને દિલમાં બાંધી રાખવું વ્યક્તિની માનસિક અને ભાવનાત્મક સ્થિતિ માટે ખરાબ હોઈ શકે છે. માફી આપવાથી આપણે સ્વસ્થ રહેતા છીએ.

૪. દયાનો વિકાસઃ જ્યારે આપણે માફી આપીએ છીએ, ત્યારે આપણે બીજાને સમજવા માટે તેમને વધુ દયાળુ અને સહાનુભૂતિથી જોઈએ છીએ. એ આપણી જાતની આત્મવિશ્વાસ અને સહાનુભૂતિ વધારી શકે છે.

જીવનમાં માફી આપવી અને માફી સ્વીકારી બંને મહત્વપૂર્ણ છે, પરંતુ તે વચ્ચેનો તફાવત પણ સમજવો જરૂરી છે. જ્યારે આપણે કોઈને માફી આપીએ છીએ, ત્યારે આપણે તેમના ગુનાઓ, ભૂલોથી મુક્તિ આપીએ છીએ. આથી, એ આપણે રાહત અનુભવતા હોઈએ છીએ. બીજી બાજુ, જો કોઈ આપણને માફી માંગે છે અને અમે એ સ્વીકારી શકતા નથી, તો તે આપણના આંતરિક દ્રષ્ટિકોણ પર અસર કરે છે.

અંતે, માફી આપવી એ એક શક્તિશાળી ટૂલ છે જે મન, શરીર અને આત્માને આરામ આપે છે. એ સંસારમાં પ્રેમ અને દયાનો માર્ગ બની શકે છે. જેના દ્વારા, આપણે પોતાને, બીજા લોકોને અને સમગ્ર સમાજને સહાનુભૂતિ અને શાંતિ આપી શકીએ છીએ.
માફી એ નમ્રતા, સમજદારી અને ખોટી બાબતોને સાચવવા માટેનો પ્રયાસ છે, જે આપણને ખરાબ લાગણીઓથી મુક્ત કરીને વધુ સકારાત્મક અને સુધારેલી જીવનશૈલી તરફ આગળ લઈ જાય છે.
લેખિકાઃ ધીનલ એસ. ગાંવિત, વલસાડ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 0101**
વિષય : માફી શીર્ષકઃ ક્ષમા
પ્રકાર : પદ્ય શબ્દોઃ ૧૧૯

દુઃખમાં, હું આજે તમારી પાસે આવ્યો છું,
માફી અને શરમની ગ્લાનિ વ્યક્ત કરવા માટે,
ભૂતકાળની ક્રિયાઓ માટે હું પીડા અનુભવું છું,
અને હું વિનંતી કરી રહ્યો છું તે ભૂલવા માટે.

મારું હૃદય અફસોસ અને દુઃખથી ભારે છે,
કેમ કે મેં તમને અન્યાય કર્યો છે, અને હું જાણું છું,
કે માફી તમેં નહીં આપો, તેમ છતાં,
હું આશા રાખું છું કે તમે મારી અરજી સાંભળશો.

સમય જતાં, મને વિશ્વાસ છે કે જખમ હળવા થશે,
આપણું બંધન, ભલે તૂટેલું હોય, તે અંદરથી સુધરશે,
પરંતુ હમણાં, હું તમને મારા દુઃખ અને દુભાયાની લાગણી દર્શાવું છું,
અને પ્રાર્થના કરું છું કે તમે મારી આ માફી સ્વીકારો.
ક્ષમા એ મલમ હોઈ શકે જે પીડાને મટાડે છે,
અને આપણો પ્રેમ અને વિશ્વાસ ફરી જન્મ લે.
ભરત સાંગાણી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N. O. G. S. S. No. 0102.**
વિષયઃ- માફી. શીર્ષકઃ- પુત્રને માફી.
પ્રકાર :-ટૂંકી વાર્તા. શબ્દ સંખ્યાઃ-૨૯૫.

ગામમાં ગોકુલદાસ શેઠની મોટી નામના . ખૂબ મોટો ધંધો ચાલતો હતો. ધનાઢય પરિવાર હતો. આમ સર્વ રીતે સુખી હતા

તેનો પુત્ર મહેશ હવે ઉંમરલાયક થયો હતો . પિતાએ તેને પોતાના ધંધામાં લગાડ્યો, દુષ્ટ મિત્રોની સંગતના કારણે ધીરે ધીરે તે કુલક્ષણો બની ગયો . ધંધાની કમાન સંભાળવા સાથે સાથે પૈસાનો ભારે ગેરવહીવટ પણ કરવા લાગ્યો . બેનામીધંધા, જલ્દી વધુ પડતું તાત્કાલિક પૈસાદાર થઈ જવું એવી ધૂન , ધંધામાં લીધેલા બેદરકારીપૂર્વકના નિર્ણયો વગેરેને કારણે પેઢી ધીરે ધીરે ઘસાવા લાગી. એક દિવસ એવો આવ્યો જ્યારે ગોકુલદાસ શેઠે પોતાનું મકાન દુકાન તમામ વેચવાનો વારો આવ્યો અને પોતે સાવ બરબાદ થઈ ચૂક્યા હતા. પુત્રની બેદરકારીને કારણે ધંધામાં ભારે ખોટ જવાથી તેઓ ગરીબ પરિસ્થિતિમાં મુકાઈ ચૂક્યા હતા.

ગભરાયેલી પરિસ્થિતિમાં મહેશ પણ પોતાના પિતા પાસે જઈ વેલોપાત કરવા લાગ્યો .પોતાના ધંધાની અણ આવડતને કારણે તમામ ગુમાવેલી મિલકત માટે તે પોતાના પિતા પાસે રડવા લાગ્યો અને અફસોસ કરવા લાગ્યો કે મારે કારણે તમારે વૃદ્ધાવસ્થામાં આ દિવસો જોવાનો વારો આવ્યો . મારી બેદરકારી અને મારી ગુનાહિત પ્રવૃત્તિને કારણે તમારે આવા હાલ થયા મને તેનાથી ખૂબ ખૂબ અફસોસ છે, પરંતુ હવે મને કોઈ દિશા સુઝતી નથી. મને માફ કરો. પિતાએ તેને આશ્વાસન આપ્યું કે ચિંતા ના કરતો. સમય જતા બધું સારું થઈ જશે . તારા સિવાય મારું કોણ છે? શીર સલામ તો પઘડીયા બહુત.

ગોકુલદાસ શેઠે ફરી પાછી ધંધાની કમાન સંભાળી લીધી. પોતાના જુના મિત્રોને મદદથી ધીરે ધીરે તે વેપાર કરવા લાગ્યા અને થોડા સમયમા તેઓની સ્થિતિ સામાન્ય થઈ ગઈ અને રાબેતા મુજબ જીવન જીવવા લાગ્યા. ફરી પાછી જેવી હતી તેવી પરિસ્થિતિ થઈ ગઈ.

મહેશને તેણે માફ કરી દીધો. બધું ભૂલી જઈએ અને ફરી પાછું ધંધો સંભાળવા માટે સૂચન કર્યું. મહેશ પણ હવે સુધરી ચૂક્યો હતો. પોતાની ભૂલની તેને સમજણ પડી અને પિતાના આદેશ પ્રમાણે હવે તે કામ કરવા લાગ્યો.

પિતાએ પણ તેને માફી આપી દીધી. આમ પિતાની મહાનતાના લોકો વખાણ કરવા લાગ્યા.

રતીલાલ વાયડા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO :351**
વિષયઃ માફી. શીર્ષકઃ માફી
પ્રકારઃ ગદ્ય શબ્દઃ૧૯૬
શું માફી શબ્દ કોઈ પરિભાષા છે ?કોઈની ચેતના માંથી ગુના ની યાદ દૂર કરીને એના અવગુણોને ભૂલીને મનની સચ્ચાઈથી એમના ગુનાને ભૂલવું અને કહેવું માફી આપી, માફી આપવી અને દેવી બેવ અલગ પ્રક્રિયા છે લેનારો અને દેનારો બે પક્ષે એક સંબંધ ને નિરૂપણ કરે છે.
આપણા ધર્મના દરેક કાર્યમાં જેમકે હોમ, હવન ,પૂજાપાઠ ક્ષમા યાચના પાઠ હોય છે જેમાં આપણે આપણી ભૂલ સ્વીકારીએ છીએ અને માફી માંગીએ છીએ, આપણી ભૂલ સહજ સ્વીકારવી બહુ જ કષ્ટદાઈ છે એમાં ધૈર્ય હોવું જોઈએ માફી લેનારો સામે પક્ષે માફી અપનાવી જોઈએ તો જ માફીની આપ લે શક્ય છે.
માફી સ્વીકારવી અને માંગવાની ક્રિયા સ્વૈચ્છિક હોવી જોઈએ આમાં પીડિત નું નુકસાન ની ભરપાઈ કરવી ઘણી મુશ્કેલ હોય છે, માનસિક નુકસાનની તો અપેક્ષા કોઈ માફી કામ નથી આવતી, ત્યારે ખૂબ પસ્તાવો થાય છે ત્યારે માફી રુપી બીજ હૃદય પલટ પર રોપાય છે જે સંબંધોને સિંચે છે
ખ્રિસ્તી ધર્મમાં એક અલાય દો "કન્ફેશનલ"રૂમ હોય છે જ્યાં પ્રભુ પાસે પાપોની માફી માંગી શકાય.
ઈસ્લામ માફીની ભલામણ કરે છે, કારણ કે અલ્લાહ ક્ષમા ને મહત્વ આપે છે, બૌદ્ધ ધર્મ મેટા, કરુણા, મુદિતા ને મહત્વ આપે છે
બસ માફી આપવી અને લેવી જોઈએ.
એટલું જ હોવું. મારું સઘળું તુજને સોંપું
માંગુ માફી નિસદીન
જયશ્રી વાઘેલા (મુંબઈ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nog SS No-162**
વિષય-માફી
પ્રકાર - ગધ , શબ્દ -૭૫
શીષઁક - માણસ માત્ર ભૂલને પાત્ર

ક્યારેક હસી
આભાર - નિહારીકા રવિયા જવાથી ક્યારેક ખસી જવાથી ઘણુ બધુ ઠીક થઈ જાય છે
આ માફી શબ્દ ઘણો નાનો છે તે માફ કરી દેવાથી કેટકેટલાયે કામો બગડતાં અટકી જાય છે
માફ કરવાથી ઘણા સમાધાન અને અબોલા ચાલતા અટકી જાય છે
અહમ મગજ માથી નીકળી અરસ પરસની લાગણી અને ભાવના એક બીજાને નજીક લાવે છે
માફીના બે શબ્દમાં જબરી તાકત સમાયેલી રહી છે
એક માત્ર ઈશ્વર છે તે ક્યારેય ક્ષમા
માંગવા પર પૂછતા નથી કે ગલતી કેમ કરી.
અહંકાર અને સંસ્કારમાં ફર્ક છે
અહંકાર બીજાને જુકાવીને ખુશ થાય છે સંસ્કાર સ્વયં ઝુકાકર ખુશ રહે છે
દીલ વિશાળ બંને તો જ બીજાની ભૂલોને ભૂલવાની પાત્રતા આવી શકે
ક્ષમા માંગવી સરળ છે ક્ષમા આપવી અઘરી છેપ

" રેખા નાકરાણી મુંબઈ "

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:379**
વિષયઃ- માફી
શીર્ષક - પ્રાયશ્ચિત શબ્દ-૩૪૯
પ્રકાર : ગદ્ય

દીકરા, સુબોધ આ નાનાને તારે જ જોવાનો છે.એ કોઈ કામ ચિત્ત દઈને કરતો હોય એવું મને લાગતું નથી." પિતા પથારીમાં પડ્યા પડ્યા પોતાના મોટા દીકરા સુબોધને નાના દીકરા સુધીર માટે કહીં રહ્યા હતા.
" બાપુ એ હજી અઠ્ઠાવીશનો છે એટલે એટલો હજી સમજું નથી.જેમ જેમ ઉંમર વધશે એમ જવાબદાર બની જશે."
"પણ દીકરા તું માથે કેટલો ભાર લઈને ફરે; મારી દવા દારૂ કરે.બહેનોના ખર્ચ કરે. સમાજમાં પણ તારે જ બધું સંભાળવાનુંને... મને તારી ચિંતા થાય, ભલે તારી સરકારી નોકરી પણ તારે પણ તારાં બાળકોને જોવાનુંને , બેટા.."
" બાપુ તમે આ બધી ચિંતા છોડો , તમે પણ તમારાં જીવનમાં ઘણું સહન કર્યું. ઘર બનાવ્યું; તમારાં ભાઈ બહેનોને ભણાવ્યા; મોટાં કર્યા. સાથે અમને પણ સારું શિક્ષણ આપ્યું; અમારાં લગ્ન કર્યા. એક પિતા તરીકેની તમામ ફરજો પૂરી કરી. મેં હંમેશા તમને મારા આદર્શ માન્યા છે. તમને નજર સમક્ષ રાખીને જ મને આ બધું કરવાની પ્રેરણા મળે છે. ?હવે તમે શાંતિથી જીવો એ હું ઈચ્છું છું"
" દીકરા તારા જેવા દીકરા હોવા પર મને ગર્વ છે. આજે તને મારે મારી જિંદગીની જે બચેલી કમાણી છે તે સોંપવી છે. તું મોટો એટલે તારો એનાં ઉપર પહેલો અધિકાર છે, બેંકમાં મારી એફ.ડીનાં આ કાગળ તને આપું છું. હું હવે કેટલા દિવસ જીવવાનો...!આ બધું તમારું જ છે. મને ખાતરી છે કે આ પૈસાને તું કાળજી પૂર્વક યોગ્ય જગ્યાએ વાપરશે."
આ વાત રસોડામાં રસોઈ કરતી સુધીરની પત્ની રમાનાં કાને પડી.
રાતે સુધીરની કાનભંભેરણી કરી.એટલે સવારે સુધીરે અકળાઈને મોટાભાઈ સુબોધ પાસે નવો ધંધો શરૂ કરવા માટે પૈસાની માંગણી કરી.
ખૂબ જ શાંતિથી સુધીરને બેસાડી સુબોધે પિતાએ આપેલી એફ.ડીના કાગળ આપ્યાં ને કહ્યું કે, " પિતાજીએ કાલે જ મને આ આપ્યા છે એને યોગ્ય જગ્યાએ વાપરવા કહ્યું તો મને વિચાર તારો આવ્યો કે તું કંઈક આ પૈસાથી નવો ધંધો શરૂ કરે તો તને કામ લાગે. એમ પણ મારે તો સરકારી નોકરી છે જ. તું કંઈક ધંધો કરી સેટ થાય એટલે મને અને પિતાજીને પછી નિરાંત..!"
આ શબ્દો સાંભળી સુધીરની નજરમાં પોતાના ભાઈ માટેનું માન અનેકગણું વધી ગયું.એ સુબોધને ભેટી પડ્યો.
એણે એની પત્ની તરફ તીક્ષ્ણ નજર કરી તો એની પત્ની રમા પણ શરમથી નજર નીચી કરી પોતાની ભૂલ બદલ માફી માંગી રહી હોય તેમ મનોમન પ્રાયશ્ચિત કરી રહી.
ડૉ.ફાલ્ગુની રાઠોડ 'ફાગ' નવસારી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nog ss no. - 198**
વિષય - માફી. શીર્ષક - માગી લે માફી
પ્રકાર - પદ્ય શબ્દ-૮૪
આ જીવનના સફરમાં છીએ મુસાફર...
શું લાવ્યાતા સાથે ને શું લઈ જવાનું છે...
તો શાને જીવે રાખી મનમાં અભિમાન...
માફ કરી દે ને માગી લે માફી...
કરી સત્કર્મો મેળવ્યો છે મજાનો માનવદેહ...
ના વેડફાઈ જાય વેર-ઝેર કે અદેખઈમાં...
કરુણામય દષ્ટિ રાખી માનીએ સૌને સમાન...
માફ કરી દે ને માગી લે માફી....
મનમાં હોય નારાજગી કે પછી હોય રાગ કે દ્વેષ...
વઢી લે ઝઘડી લે બોલીને બે - ચાર કડવા વેણ..
વિચારોમાં ન રાખી કડવાશ મગજ કરીએ સાફ.....
માફ કરી દે ને માગી લે માફી....

ખ્યાતિ દવે (ભુજ - કચ્છ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO:345**
વિષય :માફી શીર્ષકઃરાખ
પ્રકારઃપદ્ય - શબ્દોઃ૧૩૩

માગું તારી પાસે ઘડીઘડી ઓ પ્રભુ માફી,
હું હાથ જોડી તને વિનવું દઈએ મને માફી.

ઓ સૃષ્ટિ સર્જનહાર તે સૃષ્ટિ કેવી રચી,
મન હર્યું મારું દિલ ઠર્યું તારી લીલા મને ગમી.

જન્મ આપ્યો મારા માતાપિતા પ્રેમાળતા ઘણી,
લક્ષ્મીનું રૂપ આપી તે મને દીકરી ઘડી.

વ્હાલી લાગી મને ઘેલી લાગી સૌંદર્ય પ્રકૃત્તિ,
માનવ બની અમે નિકંદન કાઢ્યું દઈદે તું માફી.

ત્રણ ટાઈમ ખાવું એક ટાઈમ ન્હાવું બનાવી રીતિ,
સત્યને કોરાણે મૂકી બીજાનું લેવાની નીતિ.

ગરીબ અને તવંગર માનવ ભેદભાવ ઘણો રાખી,
મારું મારું કરી સંઘરી લીધું,પછી કાયા રોળાણી.

વરદાન એટલું માગું આપજે સૌને દયાળું બુધ્ધિ,
માનવ રૂડો દેહ મળ્યો માગું વારંવાર હું માફી.

લાગણી વંદે હે પ્રભું અમ માનવને દઈદે તું માફી,
ખાલી હાથ આવી ખાલી જવા રાખ થઈને ઉડી.
હંસા ઝાલા"લાગણી" સુરત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG:SS:NO. : 142**
વિષય : માફી. શીર્ષક : માફ કર
પ્રકાર : પદ્ય શબ્દો : ૧૦૪

પીડાથી માંડ ઉગાર્યો છું, ઓ પ્રભુ મને માફ કર.
હું આથમ્યો અણધાર્યો છું,ઓ પ્રભુ મને માફ કર.

ના કપટી, ના દંભી, ના લાલચી, ના પાપી છું,
હું મજબૂરીનો માર્યો છું, ઓ પ્રભુ મને માફ કર.

ભૂલો કરી મે અગણિત, ના ગણ્યા ગના કોઈ.
હું સંજોગોથી હાર્યો છું, ઓ પ્રભુ મને માફ કર.

જાત બતાવી સૌ કો'એ, સૌએ દિલ દુભાવ્યું છે.
હું સર્વેથી ધિક્કાર્યો છું, ઓ પ્રભુ મને માફ કર.

ભોળવાયો ભલાઈમાં, ને લાખોમાં લૂંટાયો તોય,
નજરથી સૌની ઉતાર્યો છું, ઓ પ્રભુ મને માફ કર.

"શૈલ" થોભુ તો ડૂબી જાવ, ના વળી શકું હું પાછો,
તુજ કસોટી પર વાર્યો છું, ઓ પ્રભુ મને માફ કર.
શૈલેષ ભોઈ "શૈલ"

# ટી.બી. મુક્ત ગુજરાત બનાવવાની ઝુંબેશમાં સરકારની સાથે જનભાગીદારી ખુબ જરૂરી છે -આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ




આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે ગુજરાતમાં ટી.બી નિર્મૂલન ઝુંબેશનો પ્સઈઈજી મેડિકલ કોલેજ ગાંધીનગર ખાતેથી રાજ્યના ૧૬ જિલ્લાઓ અને ૪ મહાનગરપાલિકામા શુભારંભ કરાવ્યો હતો. આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ટી.બી રોગનું નિર્મુલન માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર કટીબદ્ધ છે. ટી.બીના નવા કેસ ઝડપથી શોધી અને તેની સઘન સારવાર કરીને ટી.બીથી થતા મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો કરી શકીએ છીએ. સમગ્ર દેશમાં ટી.બી નાબૂદી ત્યારે જ શક્ય બનશે જ્યારે સરકાર અને સમાજ બંને એક બીજાની સહભગીતાથી ભેગા મળીને કામ કરશે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ટી.બી રોગને ભારત માંથી નાબૂદ કરવાનો સંકલ્પ કર્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતના પ્રત્યેક નાગરિકોની ચિંતા કરે છે. તેમણેવર્ષ-૨૦૨૫માં ભારત દેશ માંથી ટી.બીને નાબૂદ કરવાનો સંકલ્પ કર્યો છે, તેમજ ગુજરાતમાં કોઈ પણ ટી.બીનો દર્દી વર્ષ-૨૦૨૫માં રહી ન જાય તેવો સંકલ્પ કરવા આરોગ્ય વિભાગના અધિકારી - કર્મચારીઓને અનુરોધ કર્યો હતો.

વધુમાં મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, રાષ્ટ્રીય ક્ષય નિર્મુલન કાર્યક્રમ અંતર્ગત ૧૦૦ દિવસ સઘન ઝુંબેશમાં ભારત સરકાર દ્વારા દેશના કુલ ૩૪૭ જિલ્લાઓ પૈકી રાજ્યના કુલ ૧૬ જિલ્લાઓ અને ૪ મહાનગરપાલિકાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઝુંબેશ દરમિયાન સમાજમાં રહેલા ટીબીના નવા કેસ ઝડપથી શોધી કાઢવા, ત્વરિત અને સઘન સારવાર, તેમજ જનભાગીદારી દ્વારા પોષણયુક્ત આહારની કીટ્સ પૂરી પાડવા જેવી વિવિધ કામગીરીમાં આરોગ્ય કર્મીઓ ખૂબ સરાહનીય કામગીરી કરી રહ્યા છે.

વધુમાં મંત્રીશ્રી એ ગુજરાતના નાગરિકોને અનુરોધ કર્યો હતો કે, ટી.બી રોગ જે તે વિસ્તારમાં ફેલાયેલો હોય ત્યાં આસ-પાસ રહેતા નાગરિકો, કુટુંબીજનોને જે વ્યક્તિ ને થયો હોય તે વ્યક્તિની જાણકારી આપે જેથી ભવિષ્યમાં તે રોગનો સંક્રમણ અન્ય વ્યક્તિમાં પ્રસરે નહિ, તેવી જન-જાગૃતિ ફેલાવવાની કામગીરી સરકારના આરોગ્ય વિભાગની સાથે સાથે સમાજની પણ છે. ટીબી ત્યારે જ આ દેશ માંથી નાબૂદ થશે જ્યારે સમાજ અને સરકાર બંને પરસ્પર કામગીરી કરશે ત્યારે જ આપણે ટી.બીની આ લડાઇ સામે જીત પ્રાપ્ત કરી શકીશું.

વધુમાં મંત્રીશ્રી એ મોટી કંપનીઓના દાતા શ્રીઓને વિનંતી કરી હતી કે, તેઓ મોટા પ્રમાણમાં આગળ આવીને પોતાની ઝજીઇ પ્રવૃત્તિમાં ટી.બીના દર્દીઓને દત્તક લઈને તેને આ લડાઇ સામે રક્ષણ આપવા મદદ કરે જેથી આવનારા સમયમાં ગુજરાતમાં કોઈ પણ ક્ષય રોગથી પીડાતો દર્દી ન રહે.આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અગ્ર સચિવ શ્રી ધનંજય દ્વિવેદીએ જણાવ્યું હતું કે, વર્ષ-૨૦૨૧થી અત્યાર સુધીમાં રાજ્યમાં ૧.૪૦ લાખથી વધુ ટી.બી. દર્દીઓને સારવાર આપી તેમનું જીવન ટી.બી. બીમારીથી મુક્ત બનાવવામાં આવ્યું છે. રાજ્યના દરેક વ્યક્તિને ટી.બી. જેવી ગંભીર બીમારીથી બચાવવાનો અમારો સંકલ્પ છે. રાજ્યને ટી.બી. મુક્ત બનાવવાના સંકલ્પને સાકાર કરવા ગત વર્ષે સુધારેલી જી¨... પણ જાહેર કરવામાં આવી હતી. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માત્ર ટી.બી.ના દર્દીઓને સારવાર જ નહિ પરંતુ તેમનું સતત મોનીટરીંગ પણ કરે છે, જેથી સારવાર પછી પણ દર્દીઓની તકેદારી રાખી શકે.

આ પ્રસંગે ટી.બી.ના દર્દીઓને પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત નિક્ષય મિત્ર ન્યારા એનર્જી અને ઈન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડ કંપનીને સન્માન પત્ર એનાયત કરવામાં આવ્યા હતાં. આ તકે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ દ્વારા રાજ્યમાં ૧૬ જિલ્લા અને ૪ કોર્પોરેશન વિસ્તારમાં ફરતી નિક્ષય વાહનને ફ્લેગઓફ કર્યું હતુ. રાજ્યમાં ફરતી નિક્ષય વાહન ક્ષયના દર્દીઓને શોધી સ્થળપર જ નિદાન તેમજ નાગરીકોને ક્ષય રોગને લગતી માહિતી આપી જન જાગૃતિ ફેલાવશે. આ પ્રસંગે ગાંધીનગરના મેયરશ્રી મીરાબેન પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી શિલ્પાબેન પટેલ, ગાંધીનગર (ઉત્તર) ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ, ગાંધીનગરના કલેકટર શ્રી એમ. કે. દવે, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના કમિશનર શ્રી હર્ષદ પટેલ, ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી.જે. પટેલ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અધિકારીશ્રીઓ-કર્મચારીશ્રીઓ, દાતાશ્રીઓ, સહિતના ટી.બી.ના દર્દીઓતેમજ મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતાં.

# ગુજરાત લોકસેવા ટ્રસ્ટના ૩૫માં વર્ષમાં પ્રવેશ અન્વયે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેતા ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ




**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ બંધારણ નિર્માતાઓના કલ્યાણકારી રાજ્યની કલ્પનાને જમીન પર ઉતારવાનું કામ કર્યું હોવાનું જણાવતા શ્રી અમિતભાઇ શાહ**

--------

**મોદીજીએ ગરીબ કલ્યાણનો મંત્ર સમાજના નીચલા સ્તરના કરોડો ગરીબો સુધી પહોંચાડીને દેશનો વિકાસ સુનિશ્ચિત કર્યો હોવાનું જણાવતા શ્રી અમિતભાઇ શાહ**

-----------

**આદરણીય મોદીજીની સરકારે અનેક ટ્રસ્ટો, વ્યક્તિઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે મળીને દેશના ૨૫ કરોડ લોકોને ગરીબી રેખાથી ઉપર લાવવાનું કામ કર્યુ છે.- શ્રી અમિતભાઇ શાહ**

--------

**છેલ્લા ૩૪ વર્ષથી નિસ્વાર્થ ભાવે સાતત્યપૂર્ણ રીતે કાર્યરત રહી ૫ લાખથી વધુ લાભાર્થીઓને મદદરૂપ થવા બદલ ગુજરાત લોકસેવા ટ્રસ્ટને હૃદયપુર્વક અભિનંદન પાઠવતા શ્રી અમિતભાઈ શાહ**

---------

**ગુજરાતની ગળથૂથીમાં ગાંધીના સેવાના સંસ્કાર છે અને તેમના પ્રચંડ વ્યક્તિત્વની અનુભૂતિ ગુજરાતીઓના સ્વભાવમાં છે.- શ્રી અમિતભાઈ શાહ**

ગાંધીનગર લોકસભા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ અમદાવાદ ખાતે ગુજરાત લોકસેવા ટ્રસ્ટના ૩૫ વર્ષમાં પ્રવેશ અન્વયે આયોજિત પ્રવેશોત્સવમાં ઉપસ્થિત રહ્યા હતાં. આ તકે શ્રી અમિતભાઈ શાહે ગુજરાત લોકસેવા ટ્રસ્ટને છેલ્લા ૩૪ વર્ષથી નિસ્વાર્થ ભાવે દિવ્યાંગો, વિદ્યાર્થીઓ, મહિલાઓ અને વૃદ્ધોને સહાય તેમજ નિશુલ્ક નિદાન અને રોગીઓની સહાય, સરકારની વિવિધ યોજનાઓનો લાભ અપાવવા માટે સ્વયંસેવકોના સહયોગથી સાતત્યપૂર્ણ રીતે કાર્યરત રહી ૫ લાખથી વધુ લાભાર્થીઓને મદદરૂપ થવા બદલ હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતાં.

શ્રી શાહે ગુજરાત લોકસેવા ટ્રસ્ટની વિવિધ કામગીરી અંગે માહિતી મેળવી વિવિધ લાભાર્થીઓ સાથે મુલાકાત કરી હતી અને આત્મવિશ્વાસ વ્યકત કર્યો હતો કે ૧૯૯૦ થી શ્રી રાજકુમાર ગુપ્તાએ જરૂરિયાતમંદો માટે સહાયરૂપ બનવા શરૂ કરેલ ગુજરાત લોકસેવા ટ્રસ્ટ આગામી સમયમાં પણ આ જ રીતે લોકોની સેવામાં અવિરતપણે કાર્યરત રહેશે.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, આપણા બંધારણ નિર્માતાઓએ જે કલ્યાણ રાજ્યની કલ્પના કરી હતી તેને ચરિતાર્થ કરવાનું કાર્ય ૨૦૧૪થી ૨૦૨૪માં દેશના લોકપ્રિય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે. દેશની જનતાએ શ્રી મોદીજીને ૨૦૧૪માં પ્રધાનમંત્રી બનાવ્યા અને તેઓએ કોઈ ઘર શૌચાલય વગરનું ન રહે, કોઈ અનાજથી વંચિત ન રહે, પ્રત્યેકને આવાસ મળે, કોઈ ઘર ગેસ કનેક્શન વગરનું ન રહે તેવો સંકલ્પ કર્યો. આજે ૬૦ કરોડથી વધુ નાગરિકોને વિનામૂલ્યે અનાજ અને ૫ લાખની મફત સારવાર મળી રહી છે અને હવે ૭૦ વર્ષથી વધુ ઉંમરના દેશના તમામ નાગરિકોને ૫ લાખ સુધીની સારવાર મફત આપવાનો નિર્ણય શ્રી મોદીજીએ કર્યો છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની જનકલ્યાણકારી નીતિઓની ફલશ્રુતિ રૂપે છેલ્લા ૧૦ વર્ષમાં દેશના ૨૫ કરોડ નાગરિકો સંયુક્ત રાષ્ટ્રની ગરીબીની વ્યાખ્યામાંથી બહાર આવ્યા છે જેમાં સેવાભાવી સંસ્થાઓનું પણ મોટું યોગદાન છે.

શ્રી શાહે સ્વામી વિવેકાનંદજીનું સ્મરણ કરતા જણાવ્યું હતું કે, સ્વામીજીને જ્યારે પૂછવામાં આવ્યું કે જ્ઞાનની વ્યાખ્યા શું? ત્યારે તેમણે કહેલું કે 'સ્વ થી પર' અને પોતાની જગ્યાએ બીજાની ચિંતા કરે એ જ સાચો જ્ઞાની કહેવાય. વ્યક્તિ પોતાની જાત, પરિવાર, ગામ, શહેરના સીમાડાથી ઉપર ઉઠી બીજાની ચિંતા કરતો થાય ત્યારે જ્ઞાન પ્રાપ્ત કરવાની શરૂઆત થાય છે. જે લોકો સાર્વજનિક જીવનમાં લોકસેવા અને લોકકલ્યાણના કાર્યમાં જોડાયેલા હશે તેઓને સુપેરે ખબર હશે કે બીજા માટે કામ કરવાથી જ સૌથી મોટો આત્મસંતોષ થતો હોય છે. કોઈને મદદરૂપ થવાની વૃતિ જ મન, આત્મા અને બુદ્ધિને સંતોષ અને વધુને વધુ કામ કરવાની પ્રેરણા આપે છે.

શ્રી શાહે જણાવ્યું હતું કે, ગુજરાતની ગળથૂથીમાં ગાંધીના સેવાના સંસ્કાર છે અને તેમના પ્રચંડ વ્યક્તિત્વની અનુભૂતિ ગુજરાતીઓના સ્વભાવમાં છે. વસ્તીના અનુપાતમાં સમગ્ર દેશમાં માથાદીઠ ચેરીટેબલ ટ્રસ્ટની હોસ્પિટલની બેડની સંખ્યા ગુજરાતમાં સૌથી વધુ છે, બ્લડ ડોનેશન કેમ્પ ગુજરાતમાં સૌથી વધુ થાય છે. ચક્ષુદાન અને અંગદાન ના રજીસ્ટ્રેશનમાં ગુજરાત વસ્તીના અનુપાતમાં સૌથી આગળ છે.

આ કાર્યક્રમમાં કર્ણાવતી મહાનગરના મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન, રાજ્યસભાના સાંસદ શ્રી નરહરિભાઈ અમીન, શ્રી પરીમલભાઈ નથવાણી, ગુજરાત લોકસેવા ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી રાજકુમાર ગુપ્તા, ટ્રસ્ટીશ્રીઓ શ્રી રોહન ગુપ્તા, શ્રી સુરેખા ગુપ્તા, શ્રી અર્પણ ગુપ્તા તેમજ શ્રી દિનેશચંદ્ર અગ્રવાલ, શ્રી ચંપાલાલ, શ્રી અજય શ્રીધર સહિત અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી-૨૦૨૪

# "આદિવાસી જન ઉત્કર્ષ મહોત્સવ-૨૦૨૪"નો સમાપન કાર્યક્રમ અંબાજી ખાતે યોજાશે



કેન્દ્ર સરકાર દ્વારા બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં ચાર સ્થળોએ "આદિવાસી જન ઉત્કર્ષ મહોત્સવ - ૨૦૨૪નું આયોજન કરાયું હતું. તા.૨૮ નવેમ્બર ૨૦૨૪થી ઉમરગામ, વલસાડથી શરૂ થયેલા આદિવાસી અમૃતકુંભ રથયાત્રાનું સમાપન આગામી તા.૧૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ અંબાજી ખાતે કરાશે. આગામી તા.૧૦ અને ૧૧ ડિસેમ્બરના રોજ બે દિવસીય આદિવાસી જન ઉત્કર્ષ મહોત્સવનું આયોજન હેલિપેડ ગ્રાઉન્ડ, અંબાજી ખાતે કરાશે. સમગ્ર કાર્યક્રમના સુચારુ આયોજનને લઈને જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને અંબાજી ખાતે સબંધિત અધિકારીશ્રીઓ સાથે બેઠક યોજાઈ હતી.

બેઠકમાં જિલ્લા કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે, સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ સમગ્ર કામગીરીનું આયોજન કરાશે જેમાં તા.૧૦ ડિસેમ્બરના રોજ ઈનોગ્રેશન કાર્યક્રમ, સેમિનાર, લાભાર્થીઓને લાભોનું વિતરણ, પ્રદર્શન, ઉદ્ઘાટન અને નિદર્શન તથા સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાશે. સેમિનાર સત્ર અંતર્ગત લોકોને જનજાતિ ગૌરવ દિવસ અંતર્ગત માહિતી, ડેરી ટેકનોલોજી, સ્કીલ ટ્રેનિંગ ફોર ટ્રાઈબલ યુથ, નેચરલ ફાર્મિંગ વિષય પર માર્ગદર્શન આપવામાં આવશે. જ્યારે ૧૧ ડિસેમ્બરના રોજ બિરસા મુંડાનું જીવન અને યોગદાન, સિકલ સેલ અને એનિમિયા રોગ અંગે જાગૃતિ, રમત ગમત અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવશે. સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે આદિવાસી જન ઉત્કર્ષ મહોત્સવ-૨૦૨૪"નું સમાપન કરાશે.

# મહીસાગર જીલ્લા હોમગાર્ડનો સ્થાપના દિવસ ઉજવણી નો ભવ્ય કાર્યક્રમ સંતરામપુર આઝાદ મેદાન ખાતે યોજાયો



તાજેતરમાં તારીખ ૬ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ મહિસાગર જિલ્લાના સંતરામપુર માં આઝાદ મેદાન ખાતે મહીસાગર જિલ્લાના હોમ ગાર્ડ કમાન્ડર શ્રી જતીન જોશી ના અધ્યક્ષ સ્થાને મહીસાગર જીલ્લા હોમગાર્ડ ની સ્થાપના દિવસ ની ઉજવણી નો ભવ્ય આયોજન સાથે સુંદર કાર્યક્રમ સંતરામપુરમાં આઝાદ મેદાન ખાતે યોજાયો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં મહિસાગર જિલ્લા હોમ ગાર્ડ કમાન્ડર શ્રી જતીન જોશીએ હોમ ગાર્ડ ના તમામ જવાનોને સંબોધિત કર્યા હતા. અને તેમને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ત્યારબાદ સંતરામપુરના વિવિધ વિસ્તારોમાં રેલી કાઢવામાં આવી હતી. રેલી દરમિયાન ,હોમ ગાર્ડ જવાનોએ ,સંતરામપુરના બજાર વિસ્તારમાં આવેલ, સ્વામી વિવેકાનંદ અને બસ સ્ટેન્ડ ચોકડી ચાર રસ્તા સર્કલ પાસે, આવેલ ,સરદાર વલ્લભભાઈ પટેલ પ્રતિમા ને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ આ રેલી પ્રતાપપુરા વિસ્તારમાં થઈને માંડવી બજાર ,બસ સ્ટેન્ડ વિસ્તાર,થી પરત આઝાદ મેદાન ખાતે પૂર્ણ થઈ હતી. આ કાર્યક્રમ દ્વારા મહીસાગર જિલ્લાના તથા તાલુકાના તમામ હોમ ગાર્ડ તાલુકા અને જિલ્લા લેવલે સમાજસેવા પ્રત્યેની પણ પોતાની પ્રતિબદ્ધતા પણ દર્શાવી હતી.

## ચલ યાર ધક્કા માર બંધ હે મોટરકાર ......ચલ યાર ધક્કા માર..!

# ડાંગ જિલ્લામાં ઈ રીક્ષા ખરીદીમાં મસ મોટો ભ્રષ્ટાચાર લોકોમા ચર્ચાઓ વહેતી થઈ અને નજર સામે જોવા આવ્યો અધિકારી મિત્રો તમારે કાંઈ કહેવું હોય તો જણાવો બાકી......?




આહવા

સુ ડાંગ જિલ્લામાં ભીનો અને સૂકો કચરો લેવા માટે ગાડી લેવામાં આવી છે તેની દશા અને દિશા ક્યાં લઈ જઈ રહી છે એ પણ ચોક્કસ અધિકારીઓના પ્રતાપે એવું લોકોને લાગી રહ્યું છે

ડાંગ જિલ્લામાં ખાલી ૧૫ દિવસ આગાઉ આપણા લોક લાડીલા ધારાસભ્ય અને ગુજરાત રાજ્યના નાયબ દંડક શ્રી વિજય પટેલ દ્વારા ઉદઘાટન કરવામાં આવ્યું વાહ રે અધિકારી મિત્રો તમો તો ગુજરાત રાજ્યના નાયબ દંડક શ્રી ને પણ ઉલ્લુ બનાવી ગયા અને પોતાના નામે વાહ વાહી કરાવી ગયા કે અમો ડાંગને ભીનો અને સૂકો કચરો માટે ગાડી ખરીદી કરી છે અને સરકાર ના રૂપિયા અમારા ખિસ્સામાં લઈ ગયા છે તેનો કોઈને ખ્યાલ પણ ના આવ્યો કેટલા ડાંગના અધિકારી ચતુર છે ભાઈ જુઓ આ ગાડીને ધક્કો મારવો પડી રહયો છે ખરું ને લોકોમાં ઉત્સાહ હતો કે કચરો ગાડી લેવા આવશે પણ કચરો લેવા ના આવી અને કચરાની ગાડી ને મજૂરો દ્વારા ધક્કો લગાવવો પડ્યો છે લોક ચર્ચા

લોક ચર્ચા ના કહી શકાય કારણ કે લોકોએ જોયું છે ભર બજારમાં મજૂરો આ ગાડીને ધક્કો મારી રહયા હતાં

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલની સરકાર દ્વારા ડાંગમાં વિકાસના કામો ઘણા કરવામાં આવે છે પરંતુ અહીંના અધિકારી મિત્રો ને ડાંગના વિકાસમાં રસ નથી પોતના ખિસ્સા ભરવામાં જ રસ દાખવે છે આ ગાડી ની ખરીદી પરથી લાગે છે જે કોઈપણ અધિકારી મિત્રો આમાં સન્ડોવાયેલા હશે તેના પર કોઈ કાર્યવાહી કરવામાં આવશે કે પછી બધું જ નેસ્ત નાબૂદ કરી દેવામાં આવશે

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી સાહેબ ને નિવેદન છે કે ડાંગમાં પણ અધિકારી મિત્રોને માટે કોઈ રસ્તો બતાવો તો સમજ પડશે કે સરકારના રૂપિયા સરકારના જ હોય છે તેનો દુરુપયોગ ના કરવો જોઈએ

લોકો ચર્ચા એવી થઈ રહી છે કે આ અધિકારીઓ વિરુદ્ધ કોઈ પગલાં ભરવામાં આવશે કે પછી.....?

# રૂટીન શિક્ષણ આપવા સૌ સમર્થ, લર્નિંગ હેબિટ્સની સ્કીલ શીખવે સ્કૂલ દિવ્યપથ

ગત તા. ૪-૧૨-૨૦૨૪ ને બુધવારે દિવ્યપથ સ્કૂલ મેમનગર ખાતે આધુનિક એસેમ્બ્લી હોલમાં સિનિયર અને જુનિયર સેકન્ડરી ના વિદ્યાર્થીઓ nu Quick & Easy learning tipજ અપનાવી નવી લર્નિંગ પેટર્ન થી અભ્યાસ કરવા બાબતે પ્રેરિત કરવા એક વિશિષ્ટ સેમીનારનું આયોજન કરાયેલ. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલા મોટીવેશનલ સ્પીકર શ્રી સાજન શાહ દ્વારા વિદ્યાર્થીઓને નિ:શુલ્ક છતાં મૂલ્યવાન માર્ગદર્શન આપી અભ્યાસ અને શિક્ષણના નવીન આયામો શીખવવામાં આવેલ. ખૂબ જ નાની વયમાં સેંકડો સેમિનાર દેશ વિદેશમાં યોજીને સૌના પથદર્શક બનેલ શ્રી સાજન શાહ સાહેબે દિવ્યપથ સ્કૂલના વિદ્યાર્થીઓને લાઈફ ચેંજીંગ લેશન શીખવી લાભાન્વિત કરેલા. વિદ્યાર્થીઓ અને શિક્ષણગણ દ્વારા આ માર્ગદર્શન સેમિનાર ની ભારે પ્રશંસા કરવામાં આવેલ.



હરિઓમ સ્માઈલ મોનિકા સિંગલજી જે અમારા ગુરુમાં છે એમની દેખરેખ હેઠળ આજના દીને રાજસ્થાન હોસ્પિટલ ના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પ અને ફ્રી હેલ્થ ચેકઅપ ઓર્ગેનાઈઝ કરવામાં આવેલ છે જેના હેઠળ મોનિકા જી કહે છે કે આપણે જે હરિઓમ સ્માઈલમાં હર એક વાતનો શુક્રના ઓમ ચાંતિંગ તપ્પિંગ અને મેડીટેશન કરીએ છે જેનાથી આપણા બ્લડ સેલ પ્યુરીફાઈ થાય છે તો જેને આપણે રક્તદાન કરીશું એને પણ એ મળશે બ્લડ ડોનેશન કરવા થી અઆપણું બ્લડ ઓછું નહીં થાય પણ જલ્દી થી બની જશે અને હેલ્થી જ રહીશું મોનિકા સિંગલ એમ પણ કહે છે કે આ જ મેડીટેશન ની પ્રેક્ટિસથી શુક્રના ની પ્રેક્ટિસ થી ઉ્‌દ્વ ઝ્‌રક્રહૈંહઌ ને જો આપણે એને રેગ્યુલર આપણી જીવનમાં પ્રેક્ટીસ કરીએ તો એનાથી આપણા જીવન ના ઘણા બધા નાના મોટા દર્દો છે જેવા કે થાઈરોડ બીપી હાર્ટ અટેક કેન્સર એમાં પણ આપણને રાહત મળી શકે છે અને આપણે આપણી બોડી ખુદ જ એટલી સરસ મેકેનિઝમ ભગવાને આપી છે કે પોતે જ પોતાનો હીલિંગ કરી શકે છે .સવારનો ૪:૦૦ વાગ્યાનો દિવ્ય સ્નાન મેડીટેશનએ ખૂબ જ સરસ છે જેનાથી ઘણા બધા લાભ લોકોને થઈ રહ્યા છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.